eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 203**
**November 06, 2008**

## સરદાર વલ્લભભાઈ પટેલની ૧૩૪ મી જન્મજયંતિ નિમિત્તે તા. ૩૧–૧૦–૨૦૦૯ ને શનિવારના રોજ સવારે સૂતરાંજલિનો કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા ધ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ ની ૧૩૪મી જન્મજયંતિ નિમિત્તે તા. ૩૧–૧૦–૨૦૦૯ ને શનિવાર ના રોજ સવારે સૂતરાંજલિ નો કાર્યક્રમ સુરત રેલ્વે સ્ટેશન સામે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલશ્રીની પ્રતિમા પાસે રાખવામાં આવ્યો હતો ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી

સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનમાં નવા સમાવિષ્ટ વિસ્તાર આભવા વેસુ રોડ પર આવેલ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર : ૧, બીગ બજાર – આભવા ચોકડી ખાતે આવેલ એસ.ડી. જૈન કેમ્પસની ઓ.પી. નં. ૨૫ ની ૨૪ મીટરના રસ્તાની કપાત હેઠળની અંદાજે ૬૦૦ ફુટ લંબાઈની કંપાઉન્ડ વોલ, ગેટ તેમજ સીકયુરીટી કેબીન સહિતનું તથા ૬૦ મીટરના ઉધના–મગદલ્લા રોડની કપાત હેઠળની ૭૦૦ ફુટ લંબાઈની કંપાઉન્ડ વોલ મળી કુલ ૩૨,૩૫૦ ચો.ફુટ કપાત હેઠળની જગ્યાનો કબજો તા. ૦૪–૧૧–૨૦૦૯ ના રોજ મેળવવામાં આવેલા છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગની કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ચિકુનગુનિયા રોગ અટકાયતી કામગીરી માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે, જેવી કે ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક બ્રિડીંગ તપાસવાનું અને મળેલ બ્રિડિંગનો નાશ કરવો, એન્ટીલાર્વલ, ફોગીંગ તેમજ ખુલ્લા જોવા મળેલ પાણી ભરેલા કન્ટેઈનર કે જેમાં બ્રિડિંગ થવાની સંભાવના હોય તેને જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**



## સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોન ખાતે ૫ (પાંચ) પ્રકલ્પોની લોકાર્પણવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ કરવાની શૃંખલામાં આજ રોજ વરાછા ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોનું આયોજન કરી લોકાર્પણ કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## આરોગ્ય વિભાગ ધ્વારા સ્વાઈન ફલુની દવા વિતરણ કરતી સંસ્થાની યાદી

હાલના સંજોગોમાં સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં સ્વાઈન ફલુના કેસો નોંધાયેલા છે. આવા પોઝીટીવ કેસો શંકાસ્પદ કેસો તથા તેના સંપર્કમાં આવનાર વ્યકિતઓને સાવચેતીના પગલાંરૂપે ટેબ. ટેમીફલુ આપવાથી આ રોગ થતો અટકાવી શકાય છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સરદાર વલ્લભભાઈ પટેલની ૧૩૪ મી જન્મજયંતિ નિમિત્તે તા. ૩૧–૧૦–૨૦૦૯ ને શનિવારના રોજ સવારે સૂતરાંજલિનો કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા ધ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ ની ૧૩૪મી જન્મજયંતિ નિમિત્તે તા. ૩૧–૧૦–૨૦૦૯ ને શનિવાર ના રોજ સવારે સૂતરાંજલિ નો કાર્યક્રમ સુરત રેલ્વે સ્ટેશન સામે આવેલ સરદાર વલ્લ્ભભાઈ પટેલશ્રીની પ્રતિમા પાસે રાખવામાં આવ્યો હતો. સરદાર પટેલની ૧૩૪મી જન્મજયંતિ પ્રસંગે મા. મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુ. કમિશ્નરશ્રી કુ. એસ. અપર્ણા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતિ સ્વાતીબેન ભટ્ટ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વંદના કરી હતી.



TOP

## સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી

સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનમાં નવા સમાવિષ્ટ વિસ્તાર આભવા વેસુ રોડ પર આવેલ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર : ૧, બીગ બજાર – આભવા ચોકડી ખાતે આવેલ એસ.ડી. જૈન કેમ્પસની ઓ.પી. નં. ૨૫ ની ૨૪ મીટરના રસ્તાની કપાત હેઠળની અંદાજે ૬૦૦ ફુટ લંબાઈની કંપાઉન્ડ વોલ, ગેટ તેમજ સીકયુરીટી કેબીન સહિતનું તથા ૬૦ મીટરના ઉધના–મગદલ્લા રોડની કપાત હેઠળની ૭૦૦ ફુટ લંબાઈની કંપાઉન્ડ વોલ મળી કુલ ૩૨,૩૫૦ ચો.ફુટ કપાત હેઠળની જગ્યાનો કબજો તા. ૦૪–૧૧–૨૦૦૯ ના રોજ મેળવવામાં આવેલા છે. સદર કબજો મળવાથી ૬૦ મીટરનો ઉધના –મગદલ્લા મેઈનરોડ ખુલ્લો થયેલ છે. જેથી વેસુ–આભવા રોડ પરનું ૨૪ મીટરનું તેમજ ઉધના–મગદલ્લા રોડનું ૬૦ મીટરનું વેસુ–આભવા ચોકડીનું જેકશન સંપૂર્ણ ખુલ્લુ થવા પામેલ છે. જેના કારણે ટ્રાફીકનું ભારણ હળવું થશે તેમજ બી.આર.ટી.એસ.પ્રોજેકટનું કાર્ય સરળ બનશે.

ઉપરોકત કામગીરી સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનનાં શહેર વિકાસ ખાતાનો સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ, ૧૫ બેલદારો, ૧ જે.સી.બી. અને ૧ ટ્રકની મદદથી હાથ ધરવામાં આવેલ હતી.

TOP

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગની કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ચિકુનગુનિયા રોગ અટકાયતી કામગીરી માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે, જેવી કે ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક બ્રિડીંગ તપાસવાનું અને મળેલ બ્રિડિંગનો નાશ કરવો, એન્ટીલાર્વલ, ફોગીંગ તેમજ ખુલ્લા જોવા મળેલ પાણી ભરેલા કન્ટેઈનર કે જેમાં બ્રિડિંગ થવાની સંભાવના હોય તેને જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

ઓકટોબર માસ દરમ્યાન ખાતા ધ્વારા કરવામાં આવેલ કામગીરીમાં ઘરે ઘરે સર્વે કરી કુલ ૮૦,૫૬૬ જેટલી વ્યકિતઓનાં લોહીનાં નમુનાઓ લેવામાં આવેલ છે. ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ ૯૮૩,૯૧૪ ઘરો તપાસતા તેમાંથી કુલ ૯,૩૭૮ બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૩૩૪૬, એડીસ ૫,૨૮૮, કયુલેકસ ૪૪, અને મીશ્ર ૭૦૦ બ્રિડીંગ મળેલ. સર્વે દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો તેલ / કેરોસીન નંખાવી નાશ કરાવવામાં આવેલ છે. પેરીડોમેસ્ટીક(એન્ટીલાર્વલ) સર્વે દરમ્યાન કુલ ૩૭૯૫ જેટલાં શહેરના જુદા જુદા વિસ્તાર માંથી બાંધકામ તપાસવામાં આવેલ . જેમાં એનોફીલીસ ૯૯૪, એડીસ ૨૯૫, કયુલેકસ ૨,૧૫૭ અને મીશ્ર ૮૯૮ બ્રિડીંગ મળેલ. એન્ટીલાર્વલની કામગીરી દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો જંતુનાશક દવા છંટકાવ કરાવી નાશ કરાવવામાં આવેલ છે. સોર્સ રીડકશન તરીકે તમામ ઝોનમાંથી મચ્છરના ઉત્પત્તિ સ્થાનોને નાબૂદ કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન ઘરની અંદર પાણીના ભરેલા વાસણો જેવા કે ટાયર, નકામા ડબ્બા, કેરબામાં વધારે જોવા મળતું હોય, વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ટાયરો, કેરબા, ડ્રમ, માટલા, પ્લાસ્ટીક ડબ્બા અને અન્ય કન્ટેઈનર મળી કુલ ૨,૪૨૭ કન્ટેઈનર ઉચકી જપ્ત કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગના કર્મચારી ધ્વારા મચ્છર જન્ય રોગો વિષે આરોગ્ય શિક્ષણ અને જરૂરી સુચના આપવામાં આવે છે. તેમ છતાં જે ઈસમોએ બ્રિડીંગ દૂર કરવામાં બેકાળજી દર્શાવેલ હોય, તેવા ઈસમો પાસે જુદાજુદા ઝોન ધ્વારા. કુલ રૂા. ૯૬,૭૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરેલ છે, તેમજ કુલ ૧૭૪૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગનાં ૧૮૭ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૦૬ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી. જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૯૧૬ સ્થળોએ બાયોલોજીકલ કંટ્રોલ તરીકે પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવેલ છે.

આથી જાહેર જનતાને વિનંતી કરવામાં આવે છે કે આપના ઘરે જયારે મહાનગરપાલિકાનો કર્મચારી આવે ત્યારે તેને પૂરતો સાથ સહકાર આપવો અને આપેલ સુચનાનું અમલ કરવા માટે જાહેર અપીલ કરવામાં આવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોન ખાતે ૫ (પાંચ) પ્રકલ્પોની લોકાર્પણવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ કરવાની શૃંખલામાં આજ રોજ વરાછા ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોનું આયોજન કરી લોકાર્પણ કરવામાં આવેલ છે. મૌનિ ઓવારા નજીક વાંચનાલય તથા વોર્ડ ઓફિસની, પી. પી. સવાણી સ્કૂલ નજીક,કોમ્યુનીટી હોલની, જનતા નગર સોસાયટી પાસે શાંતિકુજ બાગ તથા વાંચનાલયની ઉદ્‌ઘાટનવિધિ, તા.૦૫–૧૧–૨૦૦૯નાં રોજ માનનીય મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે સંપન્ન થઈ.

**વાંચનાલયની ઉદ્‌ઘાટનવિધિ**, મા. અધ્યક્ષશ્રી, સમાજ કલ્યાણ, આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ, શ્રીમતિ સ્વાતિબેન ભટ્ટના વરદ્‌હસ્તે અશ્વની કુમાર ગરનાળા પાસે આવેલ હેલ્થ સેન્ટર નજીક, મૌની ઓવારા, સુરત ખાતે સંપન્ન થઈ. જેનો અંદાજીત ખર્ચ **રૂા.૬ લાખ**, થયેલ. ગ્રાઉન્ડ ફલોર પર વાંચનાલય ૮.૮૭ ચો.મીટર × ૭.૧૪ ચો.મીટર (૩૦ લાભાર્થી એક સાથે બેસીને વાંચી શકે તે મુજબ ટેબલ, ખુરશી સહિતની સુવિધા) જેનો વિસ્તાર ૧૪૨.૦૦ ચો. મીટર, બાંધકામ ક્ષેત્રફળ ૬૪.૦૦ ચો.મીટર. (૬૮૮.૦૦ ચો. ફુટ) છે. સદર વાંચનાલય ખુલ્લુ મુકાતા આ વિસ્તારના નાગરિકોની જ્ઞાનપિપાસા સંતોષી શકાશે.

**વોર્ડ ઓફિસની ઉદ્‌ઘાટનવિધિ** મા. અધ્યક્ષશ્રી જાહેર બાંધકામ સમિતિ, શ્રી દિપકભાઈ આફ્રિકાવાલાના વરદ્‌હસ્તે અશ્વની કુમાર ગરનાળા પાસે આવેલ હેલ્થ સેન્ટર નજીક, મૌની ઓવારા, સુરત ખાતે સંપન્ન થઈ. બાંધકામનું ક્ષેત્રફળ ૧૯૭.૦૦ ચો.મીટર (૨૧૧૯ ચો.ફુટ)વોર્ડ ઓફિસનો અંદાજીત ખર્ચ **રૂા.૧૮.૦૦ લાખ** થયેલ. જેનો વિસ્તાર ગ્રાઉન્ડ ફલોર પર ગોડાઉન ૪.૦૦ મી. × ૭.૬૬ મી. (ગેમેક્ષીન, ચુનો, ઓજારો રાખવા માટે), પ્રથમ માળે આરોગ્ય વિભાગની વહીવટી ઓફિસ ૪.૨૫ મી. × ૪.૨૫ મી., ઈજનેરી વિભાગની વહીવટી ઓફિસ ૪.૮૨ મીટર × ૪.૯૪ મીટર, રેકર્ડ/સ્ટોર રૂમ ૩.૦૦ મી. × ૫.૫૧ મી., લેડીઝ અને જેન્ટસ ટોયલેટ બ્લોક, અંડર ગ્રાઉન્ડ ટાંકી ૧૦,૦૦૦ લીટર, ઓવર હેડ ટાંકી ૪,૦૦૦ લીટર. ની છે. વોર્ડ ઓફિસ ખુલ્લી મુકાતા આ વિસ્તારના લોકોને વધુ સારી સેવા મળી રહેશે તેમજ તેમની સમસ્યા વહેલી તકે હલ થશે.



**કોમ્યુનીટી હોલની ઉદ્‌ઘાટનવિધિ**, મા.અધ્યક્ષશ્રી જાહેર બાંધકામ સમિતિ, શ્રી દિપકભાઈ આફ્રિકાવાલાના વરદ્‌હસ્તે પી. પી. સવાણી સ્કૂલ નજીક, વલ્લભાચાર્ય મેઈન રોડ, સુરત ખાતે સંપન્ન થઈ. સદર પ્રકલ્પ **રૂા.૭૯ લાખ** ના ખર્ચે પૂર્ણ થયેલ છે. જેમાં ગ્રાઉન્ડ ફલોર પર : ઓપન હોલ ૪૨૫.૪૦ ચો. મી. (૪૫૭૭.૦૦ ચો.ફુટ) ઓફિસ ૪.૬૫ મી. × ૨.૭૫ મી., રસોડું ૪.૬૫ મી. × ૭.૮૪ મી. જેમાં ચોકડી, ૪.૬૫ મી. × ૨.૭૫ મી. ઓપન વોશ (ચોકડી) ૫.૦૪ મી. × ૩.૧૫ મી., કીચન સ્ટોર : ૩.૨૨ મી. × ૧.૩૧ મી., જનરલ સ્ટોર ૩.૭૯ મી. × ૨.૫૬ મી., જેન્ટસ અને લેડીઝ ટોયલેટ બ્લોક જેમાં ચાર ટોયલેટ અને સાત યુરીનલનો સમાવેશ થાય છે. ઓપન/પાર્કીગ ગ્રાઉન્ડ : ૯૧૦.૦૦ ચો. મી., પ્રથમ માળ પર મેરેજ હોલ : ૨૩.૬૨ મી. × ૧૫.૦૦ મી. (૩૫૪.૩૦ ચો. મી. જેમાં અંદાજીત ૮૦૦ માણસ એક સાથે બેસી શકે તે મુજબની વ્યવસ્થા) લેડીઝ અને જેન્ટસ ચેઈન્જ રૂમ ૪.૬૫ મી. × ૩.૯૭ મી. (બાથ તેમજ ટોયલેટ), અંડર ગ્રાઉન્ડ ટાંકી ૧૫,૦૦૦ લીટર, ઓવર હેડ ટાંકી ૧૦,૦૦૦ લીટર. ની સુવિધા આપવામાં આવેલ છે. સદર હોલનો પ્લોટ એરીયા ૧૨૮૦ ચો. મી. (૧૩૭૭૨ ચો. ફુટ), જેમાં બાંધકામ ક્ષેત્રફળ ૯૯૦.૦૦ ચો. મી. (૧૦૬૫૨.૦૦ ચો. ફુટ) છે.

Continue ...

**શાંતિકુજ બાગની ઉદ્દઘાટનવિધિ**, મા.અધ્યક્ષશ્રી ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી નયનાબેન નાયકના વરદ્દહસ્તે, જનતા નગર સોસાયટીની બહાર, લંબેહનુમાન રોડ, સુરત ખાતે સંપન્ન થઈ. જેનો અંદાજીત ખર્ચ **રૂા.૫.૮૬ લાખ.** શાંતિકુજનો પ્લોટ એરીયા ૪૦૬.૦૦ ચો. મી., જેમાં ૭ આકર્ષક બાકડાં, ૧.૨૦ મી. તેમજ ૨.૧૫ મી. પહોળા પેવર બ્લોકના વોક–વે. ગજેબા/ઓટલા : ૧.૯૦ મી. વ્યાસના ૪ તેમજ ૬.૧૦ મી. વ્યાસનો ૧ કોટા સ્ટોન જડીત ઓટલા, તમામ ઓટલા ઉપર ફેબ્રીકેશન સ્ટ્રકચર અને લીલા રંગની આકર્ષક પી.વી.સી.શીટસનું છાપરૂ. જેમાં જેન્ટસ તેમજ લેડીઝ ટોયલેટ બ્લોક, ૨૦૦૦ લી. ની ઓવર હેડ પાણીની ટાંકી, પાણીની પરબ – ૧ ની સુવિધા પુરી પાડવામાં આવેલ છે.



**વાંચનાલયની ઉદ્દઘાટનવિધિ**, મા. અધ્યક્ષશ્રી, સમાજ કલ્યાણ, આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ, શ્રીમતિ સ્વાતિબેન ભટ્ટના વરદ્દહસ્તે વિઠ્ઠલનગરની પાછળ, વરાછા,સુરત ખાતે સંપન્ન થઈ. જેનો અંદાજીત ખર્ચ **રૂા. ૨૮.૪૦ લાખ**, થયેલ છે. ગ્રાઉન્ડ ફ્લોર પર સીનીયર સીટીઝન વાંચનાલય : ૭.૩૫ મી. × ૪.૪૦ મી. (૧૬ લાભાર્થી એક સાથે બેસી વાંચી શકે તે મુજબ ટેબલ–ખુરશી સહિતી સુવિધા) પુરી પાડવામાં આવેલ છે. જેમાં પાર્કીગ : ૨૪૩.૪૭ ચો. મીટર, ની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. પ્રથમ માળે મહિલા વાંચનલય : ૧૧.૧૦ મી. × ૮.૭૫ મી. (૩૨ લાભાર્થીઓ તથા ૨૦ વિદ્યાર્થીનીઓ એક સાથે વાંચી શકે તે મુજબની ખુરશી, ટેબલ સહિતની સુવિધા) ઓપન સ્ટોર : ૨.૮૫ મી. × ૧.૫૫ મી. ઓફિસ : ૨.૬૫ મી. × ૨.૫૫ મી. , બીજો માળ : પુરૂષ વાંચનાલય : (૩૨ લાભાર્થીઓ તથા ૨૦ વિદ્યાર્થીનીઓ એક સાથે વાંચી શકે તે મુજબની ખુરશી, ટેબલ સહિતની સુવિધા) ઓપન સ્ટોર : ૨.૮૫ મી. × ૧.૫૫ મી. ઓફિસ : ૨.૬૫ મી. × ૨.૫૫ મી., અંડર ગ્રાઉન્ડ ટાંકી ૫૫૦૦ લી., ઓવર હેડ ટાંકી ૧૫૦૦ લી. ની સુવિધા પુરી પાડવામાં આવેલ છે. આમ આ વિસ્તારના વયોવૃધ્ધ નાગરિકો, પુરૂષ તેમજ મહિલા નાગરિકોની વાંચન ભૂખ સંતોષવાની સુરત મહાનગરપાલિકાએ પહેલ કરી છે.

વરાછા ઝોનમાં આજ રોજ કુલ ૫ પ્રકલ્પોની **રૂા. ૧ કરોડ ૩૭ લાખ ૨૬ હજાર** ના ખર્ચે ઉદ્દઘાટનવિધિ સંપન્ન થઈ હતી.

આ પ્રસંગે અતિથિવિશેષશ્રીઓ શ્રી કિશોરભાઈ એસ. કાનાણી (કુમાર) મા. ડે. મેયરશ્રી, શ્રી મુકેશભાઈ દલાલ મા. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ, શ્રી ભીમજીભાઈ પટેલ મા. નેતાશ્રી શાસક પક્ષ, તેમજ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓ, અધિકારી/કર્મચારીગણ તેમજ વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP

## આરોગ્ય વિભાગ ધ્વારા સ્વાઈન ફલુની દવા વિતરણ કરતી સંસ્થાની યાદી

હાલના સંજોગોમાં સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં સ્વાઈન ફલુના કેસો નોંધાયેલા છે. આવા પોઝીટીવ કેસો શંકાસ્પદ કેસો તથા તેના સંપર્કમાં આવનાર વ્યકિતઓને સાવચેતીના પગલાંરૂપે ટેબ. ટેમીફલુ આપવાથી આ રોગ થતો અટકાવી શકાય છે.

રાજય સરકારનાં સંયુકત કમિશ્નર (ખોરાક), ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાધીનગરનાં પત્રક્રમાંક : સ્વાઈનફલુ/માહિતી/૭૦૦૬૦/ગ તા. ૩૧–૧૦–૦૯ મુજબ ટેબ. ટેમીફલુ નીચે જણાવ્યા મુજબના મેડીકલ સ્ટોર્સ ખાતે ઉપલબ્ધ હોય જરૂરીયાતમંદો ત્યાંથી આ દવા ખરીદી શકશે.

### મેડીકલ સ્ટોર્સની યાદી

| *અ.નં.* | *મેડીકલ સ્ટોર્સનું નામ* | *મેડીકલ સ્ટોર્સનું સરનામુ* | |
|---|---|---|---|
| ૧ | એ.બી.સી. કેમીસ્ટ | શીરીન ચેમ્બર્સ, છકકાપીર ગલી | સુરત |
| ૨ | એ.બી.સી. મેડીકલ્સ | ૭/૨૭૯, હેલેના ટ્રેડ, ઉનાપાણી રોડ | સુરત |
| ૩ | એ.બી.સી. મેડીસીન્સ | ૩/૩૨૧, કિષ્ણા કોમ્પલેક્ષ, બરાનપુરી ભાગળ | સુરત |
| ૪ | અનંત મેડીકલ સ્ટોર્સ | ૨/૨, સીંગાપુરીની વાડી, રૂસ્તમપુરા ચાર રસ્તા | સુરત |
| ૫ | એપોલો હોસ્પીટલ એન્ટરપ્રાઇઝ લીમીટેડ યુનીટ : એપોલો ફાર્મસી | યુ–૧, અપર ગ્રાઉન્ડ ફલોર, ઝવેરી કોમ્પલેક્ષ,ભટાર રોડ | સુરત |
| ૬ | એપોલો ફાર્મસી | ૬, મન કોમ્પલેક્ષ, આનંદ મહલ રોડ | સુરત |
| ૭ | ભવાની મેડીકલ સ્ટોર્સ | ૯/૧૮૧૨, કણપીઠ બજાર, લાલગેટ | સુરત |
| ૮ | ક્રીસ્ટલ ડીસ્ટ્રીબ્યુટર્સ | ૧૨/૨૭૨૬–૨૭, આગાનો વડ, પોસ્ટ ઓફીસ પાસે,સૈયદપુરા | સુરત |
| ૯ | હરી ઓમ મેડીકલ સ્ટોર્સ | બેગમપુરા પોલીસ ચોકીની સામે, મેઈનરોડ | સુરત |
| ૧૦ | જય મેડીકલ સ્ટોર્સ | ૩, નર્મદા એપાર્ટમેન્ટ, અંબિકા નિકેતન બસ સ્ટોપ પાસે,પાર્લે પોઈન્ટ, અઠવાલાઈન્સ | સુરત |
| ૧૧ | મહેશ્વર મેડીકલ સ્ટોર્સ | મહેશ્વર સોસાયટી, વરાછારોડ | સુરત |
| ૧૨ | પટેલ મેડીકલ સ્ટોર્સ | સરદાર બાગ, મેઈનરોડ | સુરત |
| ૧૩ | પ્રમુખ મેડીકલ એન્ડ જનરલ સ્ટોર્સ | નં. ૫ થી ૮, ૧૦૫,૧૦૬, પ્રમુખ ડોકટર હાઉસ | સુરત |
| ૧૪ | રવિ મેડીકલ સ્ટોર્સ | ૯/૫૫, ગમનલાલ મેન્શન, કોટસફીલ રોડ | સુરત |
| ૧૫ | શ્રી મહાવીરમેડીકલ સ્ટોર્સ | બી.ડી.મહેતા મહાવીર હાર્ટ ઈન્સ્ટીટયુટ, ગ્રાઉન્ડ ફલોર, વનીતા વિશ્રામ ગ્રાઉન્ડની સામે, અઠવાલાઈન્સ | સુરત |
| ૧૬ | સુરત મેડીકલ સ્ટોર્સ | ૯/૧૮૧૮, કણપીઠ બજાર, લાલગેટ સામે | સુરત |

TOP